આજુબાજુના જિલ્લાઓમાંથી
હદપારી કરવા માટેના હુકમો
કરતી વખતે ધ્યાને લેવાની
સુચનાઓ.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક:વિ-૩/હદપ/scra6968/2021
સચિવાલય ગાંધીનગર
તા.૩૧/૦૮/૨૦૨૧

**વંચાણે લીધા:**

(૧) નામદાર ગુજરાત હાઇકોર્ટનો તા.૨૨/૦૭/૨૦૨૧નો R/Special Criminal Application No.6968 of 2021 MOHANBHAI CHHAGANBHAI BARAIYA Versus STATE OF GUJARAT & ORS. નો હુકમ.

(૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહુવાનો તા.૩૦/૦૬/૨૦૨૧નો હદપારી હુકમ ક્રમાંક: હદપ/કેસ/૧૪/૨૦૨૦.

**પરિપત્ર:**

ઉક્ત વંચાણે લીધેલ (૨)માં સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, મહુવાએ શ્રી મોહનભાઇ છગનભાઇ બારૈયાને ભાવનગર ઉપરાંત બોટાદ, અમરેલી અને અમદાવાદ જિલ્લાઓમાંથી હદપારી કરવાનો હુકમ કરેલ છે જે અન્વયે શ્રી બારૈયાએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં R/Special Criminal Application No.6968 of 2021 દાખલ કરેલ જે અન્વયે વંચાણે લીધેલ (૧)માં નામદાર ગુજરાત હાઇકોર્ટે આ બાબતની નોંધ લઇ પેરા-૯માં નીચે મુજબ આદેશ આપેલ છે:

> *"The newly added respondent No.3 shall file affidavit, reconciling the districts* where from *the petitioner was proposed to be externed (as per the proposal of the Superintendent of Police, Bhavnagar) and the provision of law in that regard."*

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૫૬ની જોગવાઇ નીચે મુજબ છે:

| | |
|---|---|
| "કલમ–૭ મુજબ જે વિસ્તારમાં કમિશ્નરની નિમણૂંક થઇ હોય તે વિસ્તારમાં કમિશ્નરને અને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી આ કલમની જોગવાઇઓ જે વિસ્તાર કે વિસ્તારોને લાગુ પડે તે વિસ્તાર કે વિસ્તારોમાં જિલ્લા મેજિસ્ટ્રેટને અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકારો આપેલા પેટા–વિભાગીય મેજિસ્ટ્રેટને જ્યારે જ્યારે એમ દેખાય કે– | "Whenever it shall appear in areas for which a Commissioner has been appointed under section 7 to the commissioner and in other area of areas to which State Government may, by notification in the Official Gazetted extend the provisions os this section, to the District Magistrate, or the Sub-Divisional Magistrate empowered by the State Government in that behalf |
| (ક) કોઇ પણ વ્યક્તિની આવજા અથવા તેના કૃત્યથી વ્યક્તિને કે મિલકતને ભય જોખમ અથવા નુકસાન થાય છે કે થવાનો સંભવ છે, અથવા | (a) that the movements of acts of any person are causing or calculated to cause alarm, danger or harm to person or property, or |
| (ખ) તેવી વ્યક્તિ બળ કે હિંસાનો ઉપયોગ થતો હોય તેવો ગુનો કરવામાં અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૮૬૦નો ૪૫મો) ના પ્રકરણ ૧૨, ૧૬ અથવા ૧૭ મુજબ શિક્ષા કરવા જોગ ગુનો કરવામાં, અથવા તેવા કોઇપણ ગુનાની મદદગારી કરવામાં સામેલ થઇ છે કે, સામેલ થવાની તૈયારીમાં | (b) that there are reasonable grounds for believing that such person is engaged or is about to be engaged in the commission of an offence involving force or violence or an offence |

| | |
|---|---|
| છે તેમ માનવાને વ્યાજબી કારણો હોય, અને તેવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સાક્ષીઓ પોતાની જાતની અથવા મિલકતની બાબતમાં તેમની બીકને કારણે તેવી વ્યક્તિ વિરુદ્ધ જાહેરમાં આવીની સાક્ષી આપવા ખુશી ન હોય, અથવા | punishable under Chapter XII, XVI or XV!I of the Indian Penal Code, or in the abetment of any such offence, and when in the opinion of such officer witnesses are not willing to come forward to give evidence in public against such person by reason of apprehension on their as regard the safety of their person or property, or |
| (ગ) બહારથી આવેલા આસામીના ચાલુ વસવાટને પરિણામે મહારોગ ફાટી નીકળવાનો સંભવ હોય, | (c) that an outbreak of epidemic disease is likely to result from the continued residence of an immigrant, the said officer may, |
| ત્યારે ત્યારે તેવી વ્યક્તિને અથવા બહારથી આવેલા સભ્યને તેના પર યોગ્ય રીતે લેખિત હુકમ બજાવીને અથવા થાળી વગાડીને કે પોતાનો યોગ્ય યોગ્ય લાગે તેવી બીજી રીતે હિંસા તથા ભય અટકાવવા અથવા તેનો રોગ ફાટી ન નીકળે અથવા તે ન પ્રસરે એટલા માટે જેમ વર્તવાની જરૂર હોય તેમ વર્તવાનું અથવા તેની હકૂમતની સ્થાનિક હદના વિસ્તારની અથવા તેને અડકીને આવેલ વિસ્તાર અને કોઇ જિલ્લા અથવા જિલ્લાઓ અથવા તેમના કોઇ | by an order in writing duly served on him or by beat of drum or otherwise as he thinks fit, direct such person or immigrant so to conduct himself as shall seem necessary in order to prevent violence and alarm or the outbreak or spread of such disease or to remove himself |

| | |
|---|---|
| ભાગની બહાર સદરહુ અધિકારી ઠરાવે એવા રસ્તે થઇને અને તેટલા વખતમાં ચાલ્યાં જવાનું સદરહુ અધિકારી ફરમાવી શકશે તથા તેને જે જિલ્લા અથવા જિલ્લાઓમાંથી અથવા પ્રસંગ પ્રમાણે, તેને અડકીને આવેલ વિસ્તારમાં અને જિલ્લાઓમાં અથવા તે કોઈપણ ભાગમાં દાખલ નહિ થવાનું કે પાછા નહિ ફરવાનું પણ ફરમાવી શકશે. | *outside the area within the local limits of his jurisdiction or such area and any district or districts, or any part thereof, contiguous thereto by such route and within such time as the said officer may prescribe and not to enter or return to the said area or the area and such contiguous districts, or part thereof as the case may be, from which he was directed to remove himself.* |

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૬૦ મુજબ હદપારી હુકમ સામે રાજ્ય સરકારમાં હુકમની બજવણી તારીખથી ૩૦ દિવસમાં અપીલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે જે મુજબ રાજ્ય સરકારના ગૃહ વિભાગમાં હદપારી હુકમો સામેની અપીલોની સુનાવણી કરવામાં આવે છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અસંખ્ય ચુકાદાઓમાં ઠરાવેલું છે કે હદપાર કરનાર અધિકારી દ્વારા જે જિલ્લામાં ગુનો બન્યો હોય તેના સિવાયના જિલ્લાઓમાંથી હદપાર કરતાં આદેશો કરે ત્યારે આવા જિલ્લાઓમાંથી શા માટે હદપાર કરવામાં આવે છે તે અંગે ચોક્કસ કારણો આપવાના રહેશે. હદપારીના હુકમમાં આવા ચોક્કસ કારણોની ગેરહાજરીમાં હદપારીના હુકમો રદ કરવામાં આવે છે.

નામદાર હાઈકોર્ટ સામાન્ય સંજોગોમાં જે જિલ્લો/જિલ્લાઓમાં ગુન્હો બન્યો હોય તે જિલ્લા/જિલ્લાઓ પુરતા હદપારીના હુકમો જ માન્ય રાખે છે. જવલ્લે જ પ્રથમ દર્શનીય રીતે ખુબ મજબુત કારણો હોય તો જ આરોપીને જે જિલ્લામાં ગુન્હો કર્યો હોય તેની આજુબાજુના વિસ્તારોમાં, આવા મજબુત કારણોનો આદેશમાં સાબિતી સાથે ઉલ્લેખ કરી હદપાર કરી શકાશે. દાખલા તરીકે હદપાર થનાર વ્યક્તિ બે જિલ્લાઓના બોર્ડર પરના ગામમાં રહેતી હોય તો એક જિલ્લામાં ગુનો કરી બીજા જિલ્લામાં ભાગી જઇ શકે તેવા સંજોગો/શક્યતા

હોય તો આ અંગે સ્પષ્ટ વિગતો અંતર સાથે હુકમમાં દર્શાવીને બાજુના જિલ્લામાંથી હદપાર કરી શકાય.

આમ, નામદાર હાઈકોર્ટે કલમ પક નીચે Contagious Districtsમાંથી હદપાર કરવા માટે પ્રતિબંધ મુકેલ નથી પરંતુ Contagious Districtsમાંથી હદપાર કરતી વખતે બાજુના જિલ્લાઓમાંથી શા માટે હદપાર કરવા જરૂરી છે તે અંગે હદપાર કરવામાં આવતી વ્યક્તિએ આવા જિલ્લાઓમાં ગુનાઓ આચરેલ છે કે કેમ કે તેને ધ્યાને રાખીને હદપારીના આદેશમાં બાજુના જિલ્લાઓનો સમાવેશ કરવા જણાવેલ છે.

ઘણાં કિસ્સાઓમાં એ બાબત ધ્યાને આવેલ છે કે, રાજ્યના હદપારી હુકમ કરતાં અધિકારીઓ દ્વારા હાલના ઝડપી વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહારના ઉપયોગનું કારણ આગળ ધરીને હદપાર થનાર વ્યક્તિને જે જિલ્લામાં ગુન્હો બન્યો ન હોય તેવા આજુબાજુના સરહદી જિલ્લાઓમાંથી પોતાની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખી શકે નહીં એવું કારણ દર્શાવીને આજુબાજુના સરહદી જિલ્લાઓમાંથી પણ હદપારી કરવાના હુકમો કરવામાં આવે છે. આવા હદપારી હુકમો નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ટકી શકતાં નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે Contagious Districts ના સંબંધમાં સંખ્યાબંધ ચુકાદાઓ આપેલ છે જે પૈકી કેટલાંક ચુકાદાઓ નીચે મુજબ છે જેનો અભ્યાસ કરવા આથી જણાવવામાં આવે છે:

(૧) LAWS(GJH) 2001 7 68, SCRA 140 of 2001, CHAUHAN SHAUKATALI MOGALKHAN VERSUS SUB DIVISIONAL MAGISTRATE (MEHSANA).

(૧) LAWS(GJH) 2001 7 126, SCRA 480 of 2001, JAGDISH SHAMJIBHAI MAKWANA VERSUS SUB DIVISIONAL MAGISTRATE (BHAVNAGAR).

(૨) R/SCRA NO. 2345 of 2018, AZAZ @ MANIYO @ SAJO FARUKBHAI KASAMMIYA BLOCH VERSUSSTATE OF GUJARAT.

(૩) (1985) 2 GLR 1045, Saiyad Husain Saiyad Umar Versus State of Gujarat.

(૪) 1961 (0) GLHEL-HC 213905, Criminal Miscellaneous App No. 172 of 1961, Virajlal Mohanlal Versus District Magistrate, Rajkot.

(૫) SCRA 3020 of 2017, KANBAI W/O VALJI MULJI MAHESHWARI VERSUS STATE OF GUJARAT.

(૬) 2013 (0) GLHEL-HC 230362, SCRA 3160 of 2013, BHAJANSING RAMESHSING SIKALIGAR VERSUS STATE OF GUJARAT.

(૭) 2000 CRI.L.J. 4215, SCRA 256 OF 2000, Mer Bhima Meru Goraniya VERSUS STATE OF GUJARAT.

(૮) R/SCRA 2494 OF 2018, VIJAY @ PALPAL SHANKAR CHOGHALE VERSUS STATE OF GUJARAT.

(૯) R/SCRA 1771 OF 2018, KOKILABEN W/O DINESHBHAI RAMJIBHAI KHALASHI VERSUS STATE OF GUJARAT.

(૧૦) SCRA 8905 OF 2017, DILIPBHAI BHARATBHAI DHANDHAL VERSUS STATE OF GUJARAT.

(૧૧) SCRA 8449 OF 2017, JAYNABEN SHANTILAL NOVABHAI VASAVA VERSUS STATE OF GUJARAT.

(૧૨) R/SCRA 2599 OF 2018, SAMAT GONBHAI ODEDARA VERSUS STATE OF GUJARAT.

(૧૩) R/SCRA 7963 OF 2018, IBRAHIM @ IBU SAIYED VERSUS STATE OF GUJARAT.

(૧૪) R/SCRA 3782 OF 2014, RAJESHBHAI DHARMSHIBHAI PANDAV VERSUS STATE OF GUJARAT.

(૧૫) 2000 (1) GLRCD 227, 2000 eGLR_HC 1000228, 1999 (1) GLH 913, 1999 (3) GCD 2359, SCRA 1009 OF 1998, MUSTUFAMIYA PIRSAHEDMIYA SAIYED VERSUS STATE OF GUJARAT.

(૧૬) 2002 (4) GLR 3412, 2002 eGLR_HC 10003412, SCRA 539 and 552 OF 2001, MEGHA NARANBHAI HARIJAR VERSUS STATE OF GUJARAT.

(૧૭) R/SCRA 7732 OF 2018, KHUSHBUBEN W/O GIRISHBHAI LALLUBHAI PATEL VERSUS STATE OF GUJARAT.

(૧૮) R/SCRA 7959 OF 2018, SOMABHAI BABUBHAI PATEL VERSUS STATE OF GUJARAT.

(૧૯) R/SCRA 895 OF 2005, PATEL SATISH NATVARLAL VERSUS STATE OF GUJARAT.

આ તમામ બાબતોને લક્ષમાં રાખીને હવે પછી હદપારી દરખાસ્તો તૈયાર કરતી વખતે અને હદપારી હુકમો કરતી વખતે આજુબાજુના સરહદી જિલ્લાઓમાં હદપારી થનાર વ્યકિત વિરુદ્ધ આજુબાજુના જિલ્લાઓમાં કોઇ ગુનો/ગુનાઓ નોંધાયેલ ન હોય અથવા કોઇ ગુનાહિત પ્રવૃત્તિ આચરેલ ન હોય અને આજુબાજુના સરહદી જિલ્લાઓમાંથી હદપારી કરવા માટેના કોઇ ચોક્કસ કારણો જણાતાં ન હોય તો આજુબાજુના સરહદી જિલ્લાઓમાંથી હદપારી કરવાના હુકમો કરવામાં ન આવે તે જોવાનું રહેશે. આ ઉપરાંત હદપારી અંગેની દરખાસ્તો તૈયાર કરનાર સત્તાધિકારીએ પણ આ સુચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
ગુજરાત સરકારના અધિક સચિવ
ગૃહ વિભાગ.

**પ્રતિ:**

- ગુજરાત પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી.
- તમામ પોલીસ અધિક્ષકશ્રી.
- તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી.
- તમામ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી.
- તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રી.
- તમામ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી/ પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી.
- વિભાગની આઇ.ટી.શાખા(સદરહુ પરિપત્રને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ )